ભરૂચના સ્પેશ્યલ જજ(પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.

પોકસો કેસ નં. ૪૦/૨૦૨૫

**આંક–૦૧ નીચે હુકમ**

**૧.** વિ.એ.પી.પી.સુ.શ્રી.જી.વી.વ્યાસને તથા આરોપીના વિ.વકીલશ્રી એસ.આઇ.ઘરીયાને સાંભળ્યા, ફરીયાદીના વિ.વકીલશ્રી કોર્ટમાં આ કામે આવેલ પરંતુ તેમના તરફે આ કામે સુનવણીમાં કંઇ કહેવામાં આવતું નથી. વિ.એ.પી.પી.સુ.શ્રી રજુઆત કરે છે કે, પોતે આ કામે આંક–૦૮ થી પ્રપોઝ ચાર્જ આપેલ છે અને તે મુજબ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ),૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪(૨),૬(૧),૧૨ ગુનો જે–તે સમયે હતો પરંતુ આઇ.પી.સી.નો ગુનો બને છે અને તે રીતે આઇ.પી.સી.ની કલમ–૩૬૩,૩૬૬,૩૫૪(ડી)(૧)(૨)ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨),૩૭૬(૨)(એન),૩૭૬(૩),૫૦૬(૧),૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩(એ)ના ભંગ બદલ ૪(૨) તથા કલમ–૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા કલમ–૧૧(૪)ના ભંગ બદલ ગુનો બનતો હોવાનું જણાવે છે અને રજુઆતમાં હાલના આરોપીએ જે ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણેનું ગુનાહીત કૃત્ય કરેલ હોવાનું અને આરોપી વિપુલ કનુભાઇ પટેલનો ઇકો ગાડીમાં સાથે રહી લઇ જતો હતો હોવાનું જણાવે છે અને પ્રપોઝ ચાર્જ મુજબની કલમમાં ચાર્જફ્રેમ કરવા વિનંતી કરે છે.

**૨.** આરોપીના વિ.વકીલશ્રી તેની દલીલમાં જણાવે છે કે, પોલીસે પહેલા આરોપી સામે તા.૧૪/૦૯/૨૦૨૫એ એફ.આઇ.આર.નોંધેલ અને તેમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલને તા.૧૫/૧૦/૨૦૨૫ એ પોલીસે પકડેલ ત્યારથી આરોપી કસ્ટડીમાં છે અને ત્યારબાદ પોલીસે તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ અન્ય એફ.આઇ.આર આજ ગુના નંબરથી નોંધેલ છે અને તેમાં આરોપીની કોઇ અટક થઇ નથી જેથી કસ્ટડી કાયદેસર નથી અને ઇન્કવાયરી કેસ નં.૫૭૫/૨૦૨૫માં બે આરોપી હતા ત્યારબાદ નવા ઇન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫ પડેલ અને બંને ઇન્કવાયરી નંબરના કામે આરોપીને નોટીસ કોઇ થયેલ નથી, સાંભળવામાં આવેલ નથી અને જેને પોલીસ આરોપી વિપુલ કનુભાઇ પટેલ કહે છે તેની સામે સમરી રજુ થયેલ જે મંજુર થયેલ છે અને આ કામમાં એક આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ છે અને ચાર્જશીટ વિશાલ ચીમનભાઇ પટેલ સામે જ રજુ થયેલ છે અને પોલીસે તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ કોર્ટને રીપોર્ટ કરીને આજ ગુનામાં બીજી

એફ.આઇ.આર. નોંધ્યાનું નોંધેલ, તેમાં આરોપીને અટક કરેલ નથી અને ઇન્કવાયરી કેસ નં.૫૭૫/૨૦૨૫નો હુકમ તા.૨૯/૧૧/૨૦૨૫એ રીકોલ કરવામાં આવેલ અને આઇ.ઓ. જે તા.૨૧/૦૭/૨૦૨૫ના હુકમ મુજબ એફ.આઇ.આર નોંધ્યાનું કહે છે તેવા કોઇ હુકમમાં આરોપીને સાંભળવામાં આવેલ નથી અને ચાર એફ.આઇ.આર. છે જેમાં ઇન્કવાયરી કેસ નં.૫૭૫/૨૦૨૫ નવા ઇન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫, નબીપુર પોલીસ સ્ટેશનમાં તા.૩૧/૦૫/૨૦૨૫ની ફરીયાદ અરજી, તા.૧૪/૦૫/૨૦૨૫ની એફ.આઇ.આર અને તા.૦૯/૧૨/૨૦૨૫ની એફ.આઇ.આર તેમ આરોપીના વિ.વકીલશ્રી જણાવે છે, ચાર્જશીટ ડીફેકટીવ કહેવાય, પ્રપોઝ ચાર્જ પણ ડીફેકટીવ છે અને તા.૧૪/૦૯/૨૦૨૫ના કામે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલની ધરપકડ કરેલ છે જે એફ.આઇ.આર.ને પોલીસ કલમ–૧૬૧નું નિવેદન ગણવા રજુઆત કરેલ છે અને તા.૦૯/૧૨/૨૦૨૫એ બીજી એફ.આઇ.આર. નોંધેલ જેમાં આરોપીને પકડેલ નથી જેથી ડીફેકટીવ ચાર્જશીટ છે અને ચાર્જશીટના પાના નં.૨૯માં આઇ.ઓ.એ. તા.૧૪/૦૯/૨૦૨૫ની એફ.આઇ.આરને કલમ–૧૬૧ નું નિવેદન ગણેલ છે તેમ જણાવેલ છે, જેથી આરોપીને બધી કલમમાં ડીસ્ચાર્જ કરવો જોઇએ અને ચાર્જફ્રેમ ન થાય તેમ રજુઆત કરે છે.

**3.** ઉપરોકત રજુઆત ધ્યાને લેવામાં આવે અને હાલ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સામે જે ચાર્જશીટ થયેલ છે તે જોવામાં આવે તો, સ્પે.પોકસો કેસ નં.૪૦/૨૦૨૫ થી ચાર્જશીટ રજીસ્ટરે લેવાયેલ છે અને તેમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સામે ઇ.પી.કો. કલમ–૩૬૩,૩૬૬,૩૫૪(ડી)(૧)(૨)ના ભંગ બદલ ૩૫૪(ડી)(ii), ૩૭૬(૨)(એન),૩૭૬(૩),૫૦૬(૧) તથા પોકસો એકટની કલમ–૩(એ)ના ભંગ બદલ ૪(૨) તથા ૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા કલમ–૧૧(૪)ના ભંગ બદલ કલમ–૧૨માં ચાર્જશીટ થયેલ છે અને આ કામે જેને અન્ય આરોપી વિપુલ કનુભાઇ પટેલને વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ દાખલ થયેલી ફરીયાદમાં બતાવેલ અને તેમાં આરોપી નં.૧ વિશાલ ચીમનભાઇ પટેલ અને આરોપી નં.૨ વિપુલ કનુભાઇ પટેલને બતાવેલ તે વિપુલ કનુભાઇ પટેલ પુરતી સી સમરી, સમરી નં.૦૨/૨૦૨૫ થી રજુ થયેલ અને જે તા.૦૭/૦૨/૨૦૨૬ના હુકમથી આરોપી નં.૨ વિપુલભાઇ કનુભાઇ પટેલ પુરતી સી સમરી મંજુર થયેલ અને વિ.એ.પી.પી.સુ.શ્રી એ જે આંક–૦૮નો પ્રપોઝ ચાર્જ આપેલ છે તે સમરી

મંજુર થયેલ તે પહેલા તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરેલ અને વિ.એ.પી.પી.સુ.શ્રી. એ તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ જ આંક–૦૮ના પ્રપોઝ ચાર્જના અનુસંધાને ચાર્જફ્રેમની દલીલ કરેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફે તા.૨૦/૦૨/૨૦૨૬ના રોજ ચાર્જફ્રેમ અંગેની દલીલ તેમના વિ.વકીલશ્રી એસ.આઇ.ઘરીયાએ કરેલ, આ હકીકત ધ્યાને લઇ જે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફે ઉપરોકત દલીલો કરવામાં આવેલ છે તે અનુસંધાને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અને રેકર્ડમાં ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬ની જામીન અરજી જે ચાર્જશીટ સાથે રેકર્ડમાં સામેલ છે અને તે ચાર્જશીટ પછી નિર્ણીત થયેલ તે જામીન અરજી આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફે તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ દાખલ થયેલ અને તેમાં પણ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલના વિ.વકીલશ્રી એસ.આઇ.ઘરીયા જ હતા અને આ કામે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફે વિ.વકીલશ્રી એસ.આઇ.ઘરીયા છે અને ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૧૬નું આ કામમાં પડેલ રેકર્ડ જોતાં જામીન અરજીના પ્લીડીંગમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલે જે જણાવેલ છે તે હકીકત જે લખેલ છે તેને ટુંકમાં જોવામાં આવે તો, તેમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફે દર્શાવેલ છે કે, તપાસ કરનાર એજન્સીએ તા.૨૧/૦૭/૨૦૨૫ના ક્રિમીનલ ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ જેના નવા ક્રિમીનલ ઇન્કવાયરી નં.૦૭/૨૦૨૫ના હુકમના આધારે તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ દાખલ થયેલ અને નબીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ તા.૧૪/૦૯/૨૦૨૫ ના ગુનામાં આરોપીની કસ્ટડી ઇલલીગલ છે અને તા.૧૬/૧૦/૨૦૨૫ના રોજ આરોપીની ખોટી ધરપકડ થયેલ છે અને કઇ જાહેરાતને ફરીયાદ ગણવી તે ફલીત થતું નથી અને નામદાર કોર્ટ ધ્વારા આરોપીને હુકમ કરતાં પહેલા સાંભળવામાં આવેલ નથી અને ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ નવો ઇન્કવાયરી નં.૦૭/૨૦૨૫ના હુકમ થયા તેની વિગતો ચાર્જશીટ સમાવિષ્ટ નથી તે હુકમમાં પક્ષકાર નથી અને ઇન્કવાયરીના કામે હુકમ ઉપર આધાર રાખતાં હોય તો આરોપી વિશાલ ચીમનભાઇ પટેલની ધરપકડ ગેરકાયદેસર છે અને ચાર્જશીટમાં તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ ગુનો રજીસ્ટર થયેલ છે તેવું કથન છે અને ગુનો તા.૦૯/૧૨/૨૦૨૫એ દાખલ થયેલ હોય તો આરોપીની ધરપકડ ગેરકાયદેસર છે અને ક્રિમીનલ ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ તા.૨૦/૦૯/૨૦૨૫ એ ફેંસલ થયેલ અને તા.૨૯/૧૧/૨૦૨૫ના હુકમથી રીકોલ

થયેલ અને કોર્ટને મોકલી આપેલ અને નવો ક્રિમીનલ ઇન્કવાયરી નં.૦૭/૨૦૨૫ પડેલ અને તા.૨૧/૦૭/૨૦૨૫ના હુકમ મુજબ નબીપુર પોલીસ સ્ટેશન ખાતે આજ ગુના રજીસ્ટર નંબરથી ફરીયાદીની ફરીયાદ તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ દાખલ થયેલ અને જે ફરીયાદ સંબંધે ગુનો દાખલ થયાં બાદ તેને ગુનાની મુળ ફરીયાદ ગણવા તથા નબીપુર પોલીસ સ્ટેશન ખાતે તા.૧૪/૦૯/૨૦૨૫ એ આજ ગુના રજીસ્ટર નંબરથી દાખલ થયેલ ફરીયાદને બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૦નું નિવેદન ગણવા રીપોર્ટ થયેલ અને તા.૦૯/૧૨/૨૦૨૫ના રીપોર્ટ બાદ તા.૧૨/૧૨/૨૦૨૫ના રોજ અન્ય રીપોર્ટ થયેલ અને તા.૧૪/૦૯/૨૦૨૫ને ફરીયાદને સી.આર.પી.સી. ની કલમ–૧૬૧નું નિવેદન ગણેલ અને તા.૦૯/૧૨/૨૦૨૫ની ફરીયાદના કામે ધરપકડ થયેલ નથી અને તા.૦૯/૧૨/૨૦૨૫ના હુકમના પક્ષકાર નથી તેમ જામીન અરજીમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ દર્શાવેલ છે અને ચાર્જફ્રિમની દલીલમાં પણ આરોપી તરફે વિ.વકીલશ્રીએ મહંદઅંશે તે જ દલીલો કરે છે.

૪. ઉપરોકત જે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલના વિ.વકીલશ્રી એસ.આઇ.ઘરીયાએ દલીલ કરેલ છે તે બાબતે જોતાં આ કામે ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬ ની જામીન અરજીનું જે રેકર્ડ છે અને જામીન અરજીના કામે તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ જામીન અરજી નામંજુર કરવાનો હુકમ થયેલ, તેમાં જામીન અરજી ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬ નું રેકર્ડ પોકસો કેસ નં.૪૦/૨૦૨૫ સાથે રાખવાનો પણ હુકમ કરેલ છે અને તે ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬માં જે અત્રેની કોર્ટે હુકમનું તારણ આપેલ છે તે જોવામાં આવે તો, તેમાં ફોજદારી પરચુરણ અરજી નં.૮૧૧/૨૦૨૫ થી આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ચાર્જશીટ પહેલા જામીન અરજી કરેલ તે હુકમની હકીકત ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬માં જણાવેલ છે જે જોવામાં આવે તો,

> '' ૭.ઉપરોકત રજુઆતો ધ્યાને લેવામાં આવે અને આ કામે જે રેકર્ડ અત્રેનું છે તેને ધ્યાને લેવામાં આવે તો આ કામે રેકર્ડમાં જોતાં માર્ક–૧૯/૬ ની પી.આઈ.શ્રી. નબીપુર પોલીસ સ્ટેશન તથા જીલ્લા પોલીસ વડાને બી.એન.એસ.ની કલમ–૬૪(ટ),૧૧૪,૩૫૪ અને પોકસો એકટની

કલમ–૪,૬,૧૨ની ફરીયાદ દાખલ કરવા ફરીયાદીએ લેખીતમાં ફરીયાદ આપ્યાનું જણાય છે અને તે અરજીઓ આ કામે આઈ.ઓ.એ. માર્ક–૨૯/૨ થી તથા ૨૯/૩ થી પણ રજુ કરેલ છે, તે બંને અરજીઓ જોવામાં આવે તો, બે વ્યકિતઓને આરોપી તરફે ફરીયાદમાં જણાવેલ છે અને પ્રથમ દર્શનીય રીતે કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ અરજી છે અને બંને આરોપીના નામમાં વિશાલ ચીમનભાઈ પટેલ અને વિપુલ કનુભાઈ પટેલનું નામ છે અને માર્ક –૧૯/૧ જોતાં જે ફરીયાદીએ વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફોજદારી ઈન્કવાયરી દાખલ કરેલ છે, તે જોવામાં આવે તો, ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ છે અને જે તા.૦૯/૦૬/૨૦૨૫ એ રજુ થયેલ હોવાનું જણાય છે અને તેમાં તા.૨૧/૦૭/૨૦૨૫નો માર્ક ૧૯/૨ નો પાછળના પાના ઉપરનો હુકમ જોતાં પી.આઈ.શ્રી. નબીપુર પોલીસ સ્ટેશનને વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ભરૂચે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૫(૩) મુજબ તપાસ કરવા અને રીપોર્ટ રજુ કરવા હુકમ કરેલ છે અને તા.૨૧/૦૮/૨૦૨૫ની તારીખ મુકરર કરેલ અને ઈન્ફોર્મેશન અને નેસેસરી એકશન માટે પોલીસ અધિક્ષક શ્રી, ભરૂચને પણ મોકલ્યાનો હુકમ છે અને માર્ક–૨૯/૨ જોતાં તે ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ ફરીયાદ પક્ષની આંક–૦૫ની વિડ્રો પુરસીસના આધારે વિડ્રોથી કેંસલ થયેલ છે અને તા.૨૦/૦૯/૨૦૨૫ના રોજ રેગ્યુલર લોક અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યાનો ઉલ્લેખ છે, પરંતુ

તે ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ની ફરીયાદ જોવામાં આવે તો, તેમાં બી.એન.એસ.ની કલમ–૬૪(૮),૬૫(૧),૧૧૪,૩૫૪ અને પોકસો એકટની કલમ–૪,૬,૧૨ દર્શાવેલ છે અને ઈન્કવાયરી જોતાં અને તા.૨૧/૦૭/૨૦૨૫નો અને તા.૨૦/૦૭/૨૦૨૫નો હુકમ ધ્યાને લેતા વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તા.૨૧/૦૭/૨૦૨૫નો કોઈ હુકમ પરત ખેંચીયો હોય તેવો ઉલ્લેખ નથી અને તે ફરીયાદ કે જેમાં નામ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૫(૩) નીચે તપાસ કરી અહેવાલ રજુ કરવા હુકમ કરેલ છે, તે તા.૨૧/૦૭/૨૦૨૫ નો હુકમ છે અને જે ફરીયાદ બે આરોપી સામે છે અને રેપ અને પોકસોના ગુનાની અને જાતીય સતામણીના ગુના બાબતેની ફરીયાદ હોવાનું જણાય છે અને ફરીયાદી તરફે રેકર્ડમાં આંક–૨૩ના લિસ્ટ સાથે માર્ક ૨૩/૧ થી નામ.તેલગણાં હાઈકોર્ટનો ધી ઓનરેબલ જસ્ટીસ એન.તુકારામજીએ આપેલ ક્રિમીનલ રીવીઝન કેસ નં.૨૯૦/૨૦૨૩નો તા.૧૮/૦૮/૨૦૨૩ બનોથ્થુ જયોત્સના એસ/ઓ અમર સિંગ આર/ઓ લક્ષ્મી નિલાયા નિવેદમ વિ.સ્ટેટ ઓફ તેલગણાં વિગેરે નો ચુકાદો રજુ કરેલ છે અને આ ચુકાદો એ.આઈ.જે.ઈ.એલ ૨૦૨૩(૦) એ.પી. ૪૪૮૯૫૬માં પણ દર્શાવેલ છે, તે ચુકાદો ધ્યાને લીધો, તે ચુકાદો રજુ કરીને ફરીયાદીના વિ.વકીલશ્રી દલીલ કરે છે કે, પોતે જે ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટમાં દાખલ કરેલ છે, તે પોકસો એકટ નીચેની તથા રેપના

ગુનાની અને જાતીય સતામણીની છે તેનું કોગ્નીઝન્સ લેવાની આ ચુકાદા મુજબ મેજીસ્ટ્રેટશ્રી ને સત્તા છે તેમ જણાવીને આ ચુકાદો રજુ કરે છે, આ ચુકાદો ધ્યાને લીધો અને વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી સમક્ષની ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ની જે ફરીયાદ છે તે તા.૦૯/૦૬/૨૦૨૫એ દાખલ થયેલ અને તેમાં તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ તપાસનો અને રીપોર્ટ આપવાનો હુકમ થયેલ અને તે રીપોર્ટ તા.૨૧/૦૮/૨૦૨૫ના રોજ કે તે પહેલા આપવાનો હુકમ થયેલ, પરંતુ તે હુકમનો અમલ પોલીસ ઈન્સ્પેકટર શ્રી, નબીપુર પોલીસ સ્ટેશને કરેલો નહીં અને હજુ સુધીની તે ફરીયાદ મુજબની એફ.આઈ.આર નોંધેલ ન હોવાનું જણાય છે અને તે ફરીયાદ જોવામાં આવે કે જે અસલ ફરીયાદ છે અને કોર્ટે તેને બી.એન.એસ.એસ.એકટની કલમ-૧૭૫(૩) નીચે હુકમ કરીને તેને તપાસમાં સોંપેલ તે ફરીયાદ જોતાં ફરીયાદીએ બે આરોપી તરીકે દર્શાવીને વિશાલભાઈ ચીમનભાઈ પટેલ અને વિપુલ કનુભાઈ પટેલ સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ-૬૪(ટ),૬૫(૧),૧૧૪,૩૫૪ તથા પોકસો એકટની કલમ-૪,૬,૧૨ મુજબ દર્શાવીને વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં ભરૂચ સમક્ષ ફરીયાદ કરેલ છે અને તે ફરીયાદ જોવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે,

'' અમો ફરીયાદીની આપ સાહેબને ફરીયાદ હકીકત નીચે મુજબ છે.

(૧) અમો કરીયાદી ઉપર જણાવેલ સરનામે રહેતા આવેલા છીએ અને ખેતમજુરી કરી. અમારા કુટુંબનું ભરણપોષણ કરતા આવેલા છીએ .

(૨) અમો ફરીયાદીના લગ્ન ભોગબનનારના પિતા સાથે થયેલા અને અમારા લગ્નજીવન થકી. બે બાળકીનો જન્મ થયેલો. ( ૧ ) ભોગબનનારની મોટી બેન, જેની હાલમાં ઉ.વ.આ. ૧૮ ,(૨)ભોગબનનાર, જેની હાલમાં ઉ.વ.આ. ૧૬ , જેની જન્મ તા. ૨૨ / ૦૭ / ૨૦૦૮ના રોજની છે. જેની હાલમાં ઉંમર ૧૬ વર્ષ ૧૦ માસ અને ૦૯ દિવસની થાય છે. ભોગબનનારની મોટી બેન ધોરણ – ૧૦નો અભ્યાસ પુર્ણ કરેલ છે. જેઓ હાલમાં ઘરકામ કરે છે અને ભોગબનનારે ધોરણ – ૧૨ ( આર્ટસ ) સુધીનો અભ્યાસ પુર્ણ કરેલ છે. મારી ભોગબનનાર દિકરી, સ્કુલ,તા.જી.ભરૂચ. ધોરણ – ૧૨ ( આર્ટસ )માં અભ્યાસ કરતા આવેલા.

(૩) ગઈ તા. ૨૯ / ૦૫ / ૨૦૨૫ના રોજ સાંજના આશરે ૦૬ : ૪૫ વાગ્યાના અરસામાં અમો અમારા ઉપરોકત જણાવેલા સરનામે, અમો અમારા ઘરે હાજર હોય અમારી દિકરીઓ મામાના ત્યાં એટલે કે, અમારા ઘરની સામે ××××× નાઓ ત્યાં હતા. તે દરમ્યાન ફળીયામાં કેટલાક વ્યકિતઓ આવીને અમારા ફળીયામાં રહેતા ××××× ના ઘરમાં ધુસીને લાકડીઓ તથા કુવાડીઓ વિગેરે મારક હથીયાર ધારણ કરી, હુમલો કરવા લાગેલા. તે દરમ્યાન અમો ફરીયાદીની સાથે પણ મારા મારી કરેલી અને અમોને ઈજા થયેલ . ઉપરોક્ત આરોપીઓ અમારા ઘરે આવેલા અને તે સમયે અમારી દિકરીઓ અમારા ઘરે યાને મામાના ઘર કે જે અમારા ઘરની સામે આવેલા હોય , મારી દિકરીઓ અમારા ઘરે આવી ગયેલ અને તે સમયે મારી ભોગબનનાર દિકરી સાથે પણ આરોપીઓએ મારામારી અને ઢીકાપાટુનો માર મારેલ અને છેડતી કરેલી. ત્યારબાદ , અમોને પણ માર મારેલ હોય . અમો ફરીયાદીને માર મારેલ હોવાથી, અમોને ××××× નાઓની ઈકો ગાડીમાં હોસ્પીટલમાં લઈ જતા હતા. તે સમયે અમારી ભોગબનનાર દિકરી અમારી સાથે ગાડીમાં બેસી ગયેલ અને અમારી ભોગબનનાર દિકરી ખુબ ગભરાઈ ગયેલા અને અમો ફરીયાદીને કાંઈક કહેવાના ઈશારો કરતા પરંતુ ડુમો ભરાઈ ગયેલો હોવાથી મારી દિકરી શાંત થયા બાદ , અમોને જણાવેલ કે, આરોપી વિશાલે મારી સાથે છેડછાડ કરેલ અને ધમકી આપેલ છે કે, તને મહિનાની અંદર ઘરમાંથી ખેંચીને લઈ જઈશે. જેથી અમોને શંકા જતા અમોએ અમારી દિકરીને પુરેપુરી માહિતી પુછેલ તો, મારી દિકરી સંજનાએ અમોને જણાવેલ કે, વિશાલ ચીમનભાઈ પટેલ સાથે મારે ત્રણ

વર્ષની પ્રેમ સંબંધ છે અને ઘ ણી વખત મુલાકાત પણ કરતા હતા અને સ્કુલનું બહાનું કાઢી બહાર કોઈને કે ઘરમાં કોઈને ખબર ન પડે તે રીતે મળતા હતા. હું જયારે ધોરણ – ૧૨ ( આર્ટસ ) ની પરીક્ષા ઝાડેશ્વર મુકામે આવેલી સ્કુલમાં તા. ૨૭ / ૦૨ / ૨૦૨૫થી તા. ૧૭ / ૦૩ / ૨૦૨૫ સુધીમાં આપેલે તે સમયે પણ ઘણી વખત આરોપી– વિશાલ સાથે મુલાકાતો થતી અને વિપુલ તેઓની સાથે હતો અને તે પહેલા ઘણી વખત મઠી ચાને કબીર વડ નિકોરા મુકામે ગયેલા અને સ્કુલના સમયે યાને સવારના ૧૧ : ૦૦ વાગ્યેથી ૦૪ :૦૦ સુધી વિશાલ સાથે ફરતા હતા અને વિશાલ જયારે મળતો તે સમયે તેની ઈકો ગાડી જેનો કાળી નેટવાળી ગાડીમાં પણ ઘણી વખત દુષકામ કરેલ અને આજથી આશરે આઠેક માસ પહેલા મંગ્લેશ્વર ગામે આવેલ ખેતરમાં ભોગબનનાર ને પટાવી ફોસલાવીને હું તારી સાથે લગ્ન કરીશ તેમ કહીને પણ શારીરીક સંબંધ બાંધેલા જેમાં મારી મરજી ન હતી. મને લગ્નની લાલચ આપેલ કે, હું તારી સાથે લગ્ન કરીશ અને તેમ કહીને તેણે મારી સાથે દુષકામ કરેલ છે. મારી ભોગબનનાર દિકરીને ગઈ તા. ૨૯ / ૦૫ / ૨૦૨૫ના રોજ બનેલા બનાવ બાદ તેમજ આરોપીઓએ ધમકીઓ આપેલ. જેથી બીક લાગેલ અને ઘરમાંથી ઉચકી જવાની ધમકી આપેલ હોય, જેથી અમારી દિકરીએ હાલમાં બનાવની જાણ કરેલ હોય, ભોગબનનારે અમારો મોબાઈલ નં.××××××××××થી ફોન પર આરોપી વિશાલભાઈનો મોનં. ૭૩૫૯૩૯૦૦૯૨ પર ઘણી વખત વાતચીત કરતા હતા અને પ્રેમસંબંધ બંધાયેલો. અમોને આરોપીઓ તથા અન્યએ મારેલ હોય. સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ થયેલ અને ઉપરોકત બનાવની જાણ અમોને થતા, અમોએ લેખીતમાં ફરીયાદ નબીપુર પોલીસ સ્ટેશનમાં તથા જિલ્લા પોલીસ વડા સાહેબને ઉપદેશીને આપેલ છે.

(૪) અમો ફરીયાદીની સારવાર પુર્ણ થતા. અમો ઘરે પરત આવતા. અમોએ અમારી દિકરીને બનાવની સંપુર્ણ માહિતી પુછતા, મારી ભોગબનનાર દિકરીએ અમોને એમ જણાવેલ કે, “હું જયારે ધોરણ – ૧૦માં હતી તે સમયે વિશાલ સાથે પહેલ વહેલી મુલાકાત થયેલી અને ત્યારબાદ, અવાર – નવાર મોબાઈલ નંબર અને રૂબરૂ મુલાકાત થતી આવેલી અને અનેક વખત મઠી વાને કબીરવડ, નિકોરા પાસે સ્કુલના સમયે ૧૧ : ૦૦ થી ૦૪ : ૦૦ના સમયગાળા દરમ્યાન મળતા અને તે

સમયે સ્કુલની બહાર વિશાલ તેની ઈકો ગાડી લઈને આવતો અને ઘણી વખત વિપુલ પણ તેઓ સાથે હતો અને તેની ઈકો ગાડી નં. જી.જે.૧૬ સી.બી.૧૮૬૨ છે. વિપુલ અમારા બન્ને માટે નાસ્તો લઈ આવતો અને અમો મઠી કબીરવડ પાસે નાસ્તો કરતા, વાતો કરતા અને અનેક વખત ઈકો ગાડીમાં જ ખોટું કામ પણ કરતા, ઘણી વખત હું ના પાડતી તો, હું તારી સાથે લગ્ન કરીશ તેવી લાલચ આપતા અને પટાવતા હું ધોરણ – ૧૦ થી ધોરણ – ૧૨ સુધીના સમયગાળા દરમ્યાન સ્કુલમાં અઠવાડિયામાં બે થી ત્રણ વખત સ્કુલમાં ન જઈ , વિશાલ સાથે મુલાકાતો કરતા, મારી સાથે લગ્ન કરીશ તેવું અનેક વખત કહેતો. તેમજ ગઈ તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ બનેલા બનાવ સમયે અમો ફરીયાદીની દિકરીને ઘરમાંથી ઉઠાવી લઈ જવાની ધમકી સાહેદ –××××× નાઓની રૂબરૂમાં અને સાંભળતા આપેલ . જેની જાણ અમોને ××××× નાએ કહેલ છે. આમ , ઉપરોકત બનાવની જાણ અમોને થતા. પોલીસને જાણ કરેલ તેમ છતાં પોલીસ દ્વારા આજદિન સુધી કોઈ કાર્યવાહી કે ફરીયાદ દાખલ કરેલ નથી કે અમોને પોલીસ સ્ટેશનમાં નિવેદન માટે બોલાવેલ પણ નથી. ઉલટાનું પોલીસ આરોપીઓને મદદ કરતા આવેલા હોય તેવું અમોને માલુમ પડતા, હાલની ફરીયાદ આપ સાહેબને કરવાની ફરજ પડેલ છે.

(૫) અમો ફરીયાદીને એવી ભીતી છે કે, અમો ફરીયાદી તથા અમારા પતિ, દિકરીઓને યેન કેન પ્રકારે હેરાન – પરેશાન કરશે તેમજ જાનનું પણ જોખમ હોય , જેથી ઉપરોકત આરોપીઓએ ધી ભારતીય ન્યાય સહિતાની કલમ તથા પોસ્કો એકટમાં ફરમાવવામાં આવેલ જોગવાઈ મુજબનો ગુનો કરેલ છેઈ જેથી અમો ફરીયાદીની આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની ફરીયાદ છે. સદરહુ કામે અમારા સાહેદો નીચે મુજબ છે. ૧– હું ફરીયાદી પોતે, ૨– ભોગબનનાર, ૩– ××××× તથા ૪–××××× તથા તપાસના કામે કોઈ નીકળી આવે તે સાહેદો, ૬. સબબ અરજ કરવાની કે, ૧.ઉપરની હકીકતે ઉપર જણાવેલ આરોપીઓએ ગંભીર પ્રકારનો સજાને ગુનો આચરેલ હોય જેથી આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ રજીસ્ટર કરતો ન્યાયી હુકમ ફરમાવશો જી.ર. આ સિવાય આ નામદાર અદાલતને યોગ્ય અને વ્યાજબી લાગે તો અન્ય ન્યાયી હુકમ ફરમાવશો જી.(ઉપરોકત ફરીયાદમાં જે જગ્યાએ ભોગબનનારનું નામ કે તેના કુટુંબીનું નામ કે અન્ય જે નામો કે ફરીયાદીના મોબાઈલ નંબર કે સાહેદોના નામ કે સ્કુલની વિગત કે ફરીયાદીના પતિનું

નામ જે આવેલ છે તેના મારફતે ભોગબનનારની ઓળખ જાહેર ન થાય તેથી તે નામ આ હુકમમાં દર્શાવવામાં આવેલ નથી.)

ઉપરોકત રીતે વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ જે ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ની ફરીયાદ જે હતી તે છે અને આ ફરીયાદ જોવામાં આવે અને જે બનાવની હકીકત છે તે પ્રથમ દર્શનીય રીતે ગંભીર બનાવની હકીકત છે અને આ ફરીયાદ જોવામાં આવે તો તે સેસન્સ/ સ્પેશ્યલ કોર્ટ ટ્રાયબલ કેસની ફરીયાદ છે અને વોરંટ ટ્રાયબલ કેસની ફરીયાદ જણાય છે અને નામ.ગુજરાત હાઈકોર્ટનું 2015 (0) AIJEL-HC 233217, Darshanaben Prakash Panchal Versus State Of Gujarat,SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) No. 5804 of 2015 ;Decided on:- 08-10-2015 ના ચુકાદાનો સિધ્ધાંત જોતાં તેમાં જણાવેલ છે કે,

6. may be observed at the outset that there is no provision in the Code of Criminal procedure, which enables a complainant in a warrant case to withdraw her complaint at any stage of the trial. Section 257 of the Code of Criminal Procedure, which empowers a Magistrate to grant permission to the complainant for withdrawal of the complaint on sufficient grounds being shown, applies to cases which fall in Chapter XX in which that Section is included. Chapter XX deals only with the trial of summons cases and it cannot be disputed that, that Section has no bearing on the withdrawal of warrant cases. Section 258 merely refers to the power of a Magistrate of the First Class or of any other Magistrate with the previous sanction of the District Magistrate, to stop the proceedings at any stage without pronouncement of any judgment either of acquittal, or of conviction and to release the accused for reasons to be recorded in writing by him. The opening words of this Section viz., "In any case instituted otherwise than upon complaint" obviously renders that Section inapplicable to the present case which has been

started upon a complaint by a private individual. Section 245 which deals with the trial of a warrant case instituted otherwise than on a Police report, only empowers a Magistrate to discharge the accused either where he finds the charge to be groundless or the evidence on record under Section 244 does not disclose a case which, if unrebutted, would warrant conviction of the accused. The only Section which refers to withdrawal of a warrant case is Section 321 of the Code of Criminal Procedure. That Section however enables a Public Prosecutor to withdraw from the prosecution of any person with the consent of the Court. Where the Court consents for such withdrawal, it has to discharge the accused if the withdrawal is permitted before a charge has been framed, and pass an order of acquittal if the withdrawal is permitted after a charge has been framed. This Section does not empower a private party to apply for withdrawal as obviously the policy of the Code is to regard withdrawal of all warrant cases as the concern of the State.

7. It is noteworthy that even the complainant in a case instituted on complaint does not exercise complete or exclusive control on the proceeding initiated by him. He shares the control with the Court on grounds of public policy. He cannot withdraw even a summons case without the permission of the Court. In a warrant case instituted upon a complaint the absence of the complainant after the charge has been framed, does not terminate the proceedings. It will continue and has to be disposed of on the merits by the Magistrate even if the complainant has lost all interest in the matter. Even before the charge, the accused may be discharged by reason of the absence of the complainant only if the offence may be lawfully compounded or is not a cognizable offence. Discharge is not possible in

cognizable cases which are not compoundable even at that stage. The Court would inquire in the offence, notwithstanding the absence or default of the complainant. The State, therefore, exercises control over the proceeding through the Court.

8. In view of the above, at least one thing is very clear that the learned Magistrate did not commit any error in not granting permission to the complainant to withdraw her warrant triable complaint.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા ફોજદારી ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ વાળી ફરીયાદ જે છે તે વોરંટ ટ્રાયબલ ફરીયાદ છે અને તે ફરીયાદી વિડ્રોથી ફેંસલ થઈ શકે નહીં અને ફરીયાદીને તે વિડ્રો કરવાની સત્તા છે નહીં અને તે ફરીયાદમાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૫(૩) મુજબ તપાસ કરવાનો અને રીપોર્ટ કરવાનો પણ હુકમ થયેલ તે પણ ધ્યાને લેતા અને ઉપરોકત ચુકાદાના સિધ્ધાંત ધ્યાને લેતા વિ.મેજીસ્ટ્રેટશ્રી હાલની ઉપરોકત ફરીયાદ વિડ્રો થી ફેંસલ કરી શકે નહીં અને પોકસો એકટ અને રેપની અને જાતીય સતામણીના ગુનાની ફરીયાદ હોવાનું ઈન્કવાયરી કેસ નં.૫૭૫/૨૦૨૫ની ફરીયાદ જોતાં જણાય છે અને તેમાં વિ.મેજીસ્ટ્રેટ શ્રીએ બી.એન.એસ.એસ. ૧૭૫(૩) મુજબ તપાસ કરવાનો અને રીપોર્ટ કરવાનો હુકમ કરેલ છે અને તે ફરીયાદ અસલ ફરીયાદ છે, જે પોકસો સ્પેશ્યલ કોર્ટને ટ્રાન્સમીટ કરી દેવી પડે અને જો રીપોર્ટ સાથે કાંઈ રજુ થયું હોય તો તે પણ પોકસો કોર્ટને ટ્રાન્સમીટ કરી દેવા પડે અને વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, તા.૨૧/૦૭/૨૦૨૫ નો ફોજદારી ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫માં ઓર્ડર રીકોલ કર્યો હોય તેવું પણ જણાતું નથી જેથી ઓર્ડર રીકોલ કર્યાની જે દલીલ કરવામાં આવે છે તે દલીલ ટકવા પાત્ર જણાતી નથી.

૮. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને પોલીસ ઈન્સ્પેકટર, નબીપુર પોલીસ સ્ટેશન અને નબીપુર પોલીસ સ્ટેશન ઓફીસરે જે ફરીયાદીની તા.૩૧/૦૫/૨૦૨૫ વાળી ફરીયાદ કે જે પોકસો એકટ નીચેની અને બી.એન.એસ. એકટને સંબંધીત કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ હતી તેને નોંધેલ નથી, તેના કારણે જે ભોગબનનારનું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪/બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું જે મેજીસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન જે તુરત લેવડાવું જોઈએ, તે તુરત પોલીસે લેવડાવેલ નથી, તેમજ તા.૩૧ /૦૫/૨૦૨૫ પછી તુરત જ ભોગબનનારનું મેડીકલ જે પોક્સો એકટની કલમ–૨૭ અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪(એ), બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૪ મુજબ કરવાનું હોય અને આરોપીનું ક્રિ. પ્રો.કોડની કલમ–૫૩(એ) અને બી.એન.એસ.એસ.ની કલમ–૫૨ મુજબ કરવાનું હોય તે તા.૩૧/૦૫/૨૦૨૫ની ફરીયાદ નોંધેલ ન હોય એટલે તુરત જ પોલીસે કરેલ નથી અને નામ. સુપ્રીમ કોર્ટના 2014 (0) AIJEL-SC 55372,State Of Karnataka By Nonavinakere Police Versus Shivanna @ Tarkari Shivanna,Special Leave Petition (Criminal) No. 5073 of 2011 ; Decided on:- 25-04-2014ના ચુકાદાનું ડાયરેક્શન જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે,

9. On considering the same, we have accepted the suggestion offered by the learned counsel who appeared before us and hence exercising powers under Art. 142 of the Constitution, we are pleased to issue interim directions in the form of mandamus to all the police station in charge in the entire country to follow the direction of this Court which are as follows:

[ (i) Upon receipt of information relating to the commission of offence of rape, the Investigating Ocer shall make immediate steps to take the victim to any Metropolitan/preferably Judicial Magistrate for the purpose of recording her statement under Section 164 Cr.P.C. A copy of the statement under Section 164 Cr.P.C. should be handed over to the Investigating Officer immediately with a specic direction that the contents of such statement under Section 164 Cr.P.C. should not be disclosed to any person till charge sheet/report under Sec. 173 Cr.P.C. is filed.]

[ (ii) The Investigating Officer shall as far as possible take the victim to the nearest Lady Metropolitan/preferably Lady Judicial Magistrate.]

[ (iii) The Investigating Officer shall record specifically the date and the time at which he learnt about the commission of the offence of rape and the date and time at which he took the victim to the Metropolitan/preferably Lady Judicial Magistrate as aforesaid.]

[ (iv) If there is any delay exceeding 24 hours in taking the victim to the Magistrate, the Investigating Officer should record the reasons for the same in the case diary and hand over a copy of the same to the Magistrate.]

[ (v) Medical Examination of the victim: Sec. 164 A Cr.P.C. inserted by Act 25 of 2005 in Cr.P.C. imposes an obligation on the part of Investigating Officer to get the victim of the rape immediately medically examined. A copy of the report of such medical examination should be immediately handed over to the Magistrate who records the statement of the victim under Section 164 Cr.P.C.]

10. A copy of this order thus be circulated to all the Director Generals of Police of all the States/Commissioner of Police in Metropolitan cities / Commissioner of Police of Union Territories who are then directed to send a copy of this order to all the police stations in charge in their States/Union Territories for its compliance in cases which are registered on or after the receipt of a copy of these directions. Necessary instructions by the DGPs/ Commissioners of Police be also issued to all the police station incharge by the DGPs/Commissioner of Police incorporating the directions issued by us and recorded hereinbefore.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત જોતાં,ભોગબનનારનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ નું નિવેદન નોંધાવડાવા માટે ડાયરેકશન મુજબ કાર્યવાહી કરવાની છે અને કયારે ગુનાની જાણ થઈ છે તે બાબતે પણ જણાવવા બાબતે ડાયરેકશન છે અને ૨૪ કલાકથી વિલંબ થાય તો તે બાબતે તપાસ કરનાર અધિકારીએ કેસ ડાયરીમાં કારણો નોંધવાના છે અને કેસ ડાયરી

મેજીસ્ટ્રેટ શ્રી ને આપવાની છે અને ભોગબનનારનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪(એ)નું મેડીકલ પણ તાત્કાલિક થાય તે આઈ.ઓ.ની જવાબદારી છે અને ઉપરોકત નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદામાં જણાવેલ ડાયેરકશનનું પાલન કરવાની તપાસ કરનાર અધિકારીની ફરજ છે પરંતુ તપાસ કરનાર અધિકારીએ તે નામ.સુપ્રીમ કોર્ટના ડાયરેકશનનો પણ અમલ કર્યાનું જણાતું નથી, કારણ કે પોલીસ અધિકારીએ તા.૩૧/૦૫/૨૦૨૫ની ફરીયાદ નોંધેલ નહીં જેથી તે રીતે તપાસ કરનાર અધિકારીએ ડાયરેકશનનો અમલ કરેલ નથી તે પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ પણે જણાય છે અને પોકસો એકટની કલમ– ૨૫માં મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂ ચાઈલ્ડનું નિવેદન નોંધવા બાબતેની પણ જોગવાઈ છે અને,પોકસો એકટની સંબંધીત જોગવાઈ જોતાં પોકસો એકટની ફરીયાદ પોલીસ નોંધવા બં ધાયેલી છે અને ન નોંધવામાં આવે તો તે બાબતે પણ પોકસો એકટમાં શું થઈ શકે તેની જોગવાઈઓ છે,પરંતુ વિ.મેજીસ્ટ્રેટ શ્રી સમક્ષ માર્ક ૩૧/૧ થી બી.એન.એસ.ની કલમ–૧૯૯ તથા આઈ.પી.સી.ની કલમ–૧૬૬(ક) હેઠળ પોલીસ અધિકારીઓ સામે ફરીયાદીએ ફરીયાદ કરેલ છે અને તેમાં વિ.મેજીસ્ટ્રેટ શ્રીએ તા.૧૭/૧૧/૨૦૨૫ના રોજ જે હુકમ કરેલ છે અને તે ફરીયાદ વિ.મેજીસ્ટ્રેટ શ્રી સમક્ષ પેન્ડીંગ હોય તેથી ફરીયાદ જે તા.૩૧/૦૫/૨૦૨૫ની પોલીસે નોંધેલ નથી તે બાબતે વિશેષ કોઈ ચર્ચા અત્રેથી આ તબકકે કરવામાં આવતી નથી, પરંતુ પોલીસ અધિકારી કોર્ટના હુકમોનું તે હુકમો જયાં સુધી રદ ન થાય અને અમલમાં હોય ત્યાં સુધી પાલન કરવા બંધાયેલા છે અને પાલન કરવું જ જોઈએ અને તે પોલીસ અધિકારીની ફરજ પણ છે. પોલીસ દ્વારા કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ ન નોંધાય અને કોર્ટના હુકમ મુજબ પણ તે ફરીયાદ ન નોંધાય અને વિલંબ થાય તો તેમાં ફરીયાદી ની કોઈ કસુર હોવાનું રેકર્ડ ઉપર પ્રથમ દર્શનીય રીતે જણાતું નથી.

૯. ઉપરોકત હકીકત ધ્યાને લેવામાં આવે અને વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષની ફોજદારી ઈન્કવારી નં.૫૭૫/૨૦૨૫ વાળી જે અસલ ફરીયાદ છે તે અસલ ફરીયાદના આક્ષેપો છે તેને ધ્યાને લેવામાં આવે અને આઈ.ઓ.એ સોંગદનામામાં ગુનાહીત હકીકતના જે આક્ષેપો કરેલ છે તે જોતાં પ્રથમ દર્શનીય રીતે અરજદાર/આરોપી સામે ગંભીર ગુનો

છે અને અરજદાર/આરોપી અને ભોગબનનાર તથા તેના કુટુંબીઓ નજીક નજીક રહેતા હોય અને આ સિવાય પણ અન્ય એફ.આઈ.આર. ઓ નોંધાયાનું રેકર્ડમાં જણાતું હોય, જેથી જો અરજદાર/આરોપીને જામીન આપવામાં આવે તો, સાહેદ પુરાવાને ફોડવાનું અને ધાક ધમકી આપવાની પણ પ્રથમ દર્શનીય રીતે શકયતા જણાય છે અને તપાસને પણ અસર થાય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને અરજદાર/આરોપી તરફે નામ.કોર્ટ જે શરતો ફરમાવશે અને ભરૂચ તાલુકામાં પ્રવેશ નહીં કરવાની શરત ફરમાવશે તેનું પાલન કરશે તેવી જે આંક-૨૭ થી પુરસીસ આપેલ છે તે પુરસીસની હકીકતો ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા અને આરોપી સામે આઈ.ઓ.એ. જે બી.એન.એસ.ને બદલે **આઈ.પી.સી.ની કલમ-૩૬૩, ૩૬૬,૩૫૪(ડી)(૧)(૨)ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨), ૩૭૬(૨)(એન) તથા ૩૭૬(૩) તથા ૫૦૬(૧) તથા પોકસો એકટની કલમ-૩(એ),૪(૨),૫(એલ)ના ભંગ બદલ ૬(૧), ૧૧(૪)ના ભંગ બદલ ૧૨** મુજબનો જે ગુનો જણાવે છે તે જોતાં અને ગુનાની હકીકત ધ્યાને લેતા અને તપાસ ચાલુ હોય અને તેને પણ સાથે ધ્યાને લેતા તે પુરસીસની હકીકત આરોપીને મદદરૂપ થતી નથી અને જેથી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર થવા પાત્ર જણાતી નથી અને નામંજુર થવા પાત્ર છે''

*૬. ઉપરોકત રીતે ફોજદારી પરચુરણ અરજી નં.૮૧૧/૨૦૨૫માં હુકમ કરેલ અને આ કામે જોવામાં આવે તો,અરજદાર/આરોપી સામે પોકસો કેસ નં.૪૦/૨૦૨૫ થી તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ રજીસ્ટરે લેવાયેલ છે અને રેકર્ડ જોતાં ફરીયાદીએ નબીપુર પોલીસ સ્ટેશનમાં તથા પોલીસ અધિક્ષક શ્રીને આ ગુના બાબતે તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ ફરીયાદ અરજી કરેલ, તે ફરીયાદ એફ.આઈ.આર. તરીકે ન નોંધાતા ફરીયાદીએ વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ દાખલ કરેલ અને તેમાં તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ બી.એન.એસ.એસ ની કલમ-૧૭૫(૩) મુજબ પી.આઈ.શ્રી નબીપુર પોલીસ સ્ટેશનને તપાસ કરવાનો અને તા.૨૧/૦૮/૨૦૨૫ સુધીમાં રીપોર્ટ કરવાનો હુકમ કરેલ, પરંતુ પોલીસે તે હુકમનું મુદતમાં પાલન કરેલ નહીં અને તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ પોલીસે ફરીયાદીની એફ.આઈ.આર. આ ગુનામાં નોંધેલ, જે વિ.ચોથા એડીશ્નલ*

ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે, બી.એન.એસ.ની કલમ-૧૭૫ (૩) નીચે હુકમ કરેલ, તેનું પાલન કરેલ નહીં અને તે ફરીયાદ નોંધેલ નહીં, ત્યારબાદ પોલીસે તે તા.૨૧/૦૭/૨૦૨૫ના હુકમનો અમલ કરીને વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટના હુકમનું પાલન કરેલ અને કોર્ટ સમક્ષ દાખલ થયેલ જે ફરીયાદ હતી તે ફરીયાદની નકલ હુકમ સાથે પોલીસને બી.એન.એસ.એસ.ની કલમ-૧૭૫(૩) મુજબ મોકલાયેલ, તે ફરીયાદ પોલીસે એફ.આઈ.આર. તરીકે નોંધેલ અને પોલીસે ચાર્જશીટમાં જે તેઓએ તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ એફ.આઈ.આર. નોંધેલ તેને નિવેદન ગણવા રીપોર્ટ કરેલ અને ચાર્જશીટમાં જણાવેલ છે અને રેકર્ડ જોતાં જે આ ગુનાની જ ફરીયાદ પોલીસે તા.૩૧/૦૫/૨૦૨૫ની ન નોંધતા ફરીયાદીએ નામ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ ફરીયાદ દાખલ કરેલ, જેમાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે બી.એન.એસ.એસની કલમ-૧૭૫(૩)નો હુકમ થયેલ અને ત્યારબાદ તે ફરીયાદ વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીએ વિડ્રોથી કેંસલ કરેલ,ત્યારબાદ તેમણે હુકમ રીકોલ કરેલ અને તે ફરીયાદ અત્રે કમીટ કરીને મોકલવામાં આવેલ અને જે અત્રે ઈન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫ થી રજીસ્ટરે લેવાયેલ અને પોલીસે તે વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કોર્ટના હુકમનો અમલ કરી કોર્ટના હુકમ મુજબ એફ.આઈ.આર. ફોર્મમાં એફ.આઈ.આર. નોંધેલ અને અત્રે તપાસના અંતે ચાર્જશીટ કરેલ જે પોકસો કેસ નં.૪૦/૨૦૨૫ થી ચાર્જશીટ થયેલ છે અને રેકર્ડ જોતાં પોલીસે તા.૩૧/૦૫/૨૦૨૫ની ફરીયાદીની ફરીયાદ દાખલ કરેલ નહીં, ત્યારબાદ વિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફરીયાદ દાખલ થયેલ અને વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ટ્રાન્સફર બાદ તા.૨૧/૦૭/૨૦૨૫ ના હુકમ મુજબ પોલીસે વિલંબથી તે હુકમનું પાલન કરેલ, જેથી જે અસલ ફરીયાદ વિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમીનલ ઈન્કવાયરી નં .૫૭૫/૨૦૨૫ થી દાખલ થયેલી, જે તા.૦૯/૦૬/૨૦૨૫ એ દાખલ થયેલી છે, તે ફરીયાદ છે અને તે પ્રથમ ફરીયાદ ગણાય અને પોલીસે કોર્ટનો હુકમ હોવા છતાં વિલંબ થી નોંધેલ છે તેમાં ફરીયાદીનો કે ભોગબનનારનો કોઈ વાંક નથી

*અને પોલીસે ત્યારબાદ વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભરૂચના હુકમનું પાલન કરેલ છે અને તે એફ.આઈ.આર માં તે ઉતારેલ છે અને આ જ ગુના નંબરના કામે તે એફ.આઈ.આર ઉતારેલ છે અને વિ.ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ ઉપરોકત જણાવેલ રીતે હુકમ કરી તપાસ સોંપેલ અને આરોપીની તા.૧૫/૧૦/૨૦૨૫ના રોજ આ જ ગુનામાં ધરપકડ થયેલ છે અને કોર્ટ સમક્ષની ફરીયાદ તા.૧૪/૦૯/૨૦૨૫ની એફ.આઈ.આર. પહેલા કોર્ટ સમક્ષ દાખલ થઈ ગયેલ અને પોલીસે કોર્ટના હુકમનું પાલન વિલંબથી કરેલ છે, જેથી રેકર્ડ અને કરેલ ચર્ચા જોતાં આરોપીની ધરપકડ કાયદેસર જ જણાય છે, જેથી અરજદાર/આરોપી તરફેની દલીલ ટકવાપાત્ર નથી તે જણાય છે. ''*

**૫.** ઉપરોકત રીતે ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬ના હુકમમાં જે જણાવેલ છે તે જોતાં તેમાં પણ આરોપીની ધરપકડ કાયદેસર જ જણાય છે તેવું તારણ આપેલ જ છે અને ઉપરોકત હુકમમાં જે જણાવેલ છે તે જોતાં વિગતવાર તારણોથી હુકમમાં જણાવેલ છતાં પણ આરોપી તરફે ચાર્જફ્રેમની દલીલમાં ધરપકડ કાયદેસરની નથી તે બાબતની ફરીથી દલીલ કરેલ છે તે પણ જણાય છે પરંતુ આરોપી વિશાલ ચીમનભાઈ પટેલની તે દલીલ ટકવાપાત્ર જણાતી નથી.

**૬.** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ઉપરોકત ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬માંના હુકમના તારણો સાથે ધ્યાને લેતા આ કામનું રેકર્ડ ધ્યાને લેતા ડીફેકટીવ ચાર્જશીટ હોય તેવું જણાતું નથી જેથી આરોપીની તે દલીલ પણ ટકવાપાત્ર નથી તે જણાય છે.

**૭.** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ચાર્જશીટના રેકર્ડમાં જે ઈન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫ કે જે સ્પેશ્યલ કોર્ટમાં કામ વિ.મેજીસ્ટ્રેટ શ્રી તરફથી આવેલ અને નંબર પડેલ છે તે ઈન્કવાયરી નં.૦૭/૨૦૨૫ કે ફરીયાદીની કોર્ટ સમક્ષની અસલ ફરીયાદ છે તે અસલ ફરીયાદ જે આ ચાર્જશીટના કાગળોનો ભાગ છે તેમાં આંક–૧૦ થી આઇ.ઓ. તરફથી તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ રીપોર્ટ રજુ થયેલ અને સાથે માર્ક–૧૦/૧ થી આજ ગુનાની એફ.આઈ.આર તેમણે તા.૦૯/૧૨/૨૦૨૫એ નોંધેલ તેની પ્રત માર્ક–૧૦/૧ થી રજુ કરેલ જેમાં હુકમ

કરેલ કે, '' તપાસ કરનાર અધિકારી અને પી.આઇ.શ્રી આર.કે.દેસાઇ આ F.I.R રીપોર્ટ સાથે કલાક ૧૭.૦૦ વાગે આજરોજ રજુ કરે છે જે F.I.R સ્વીકારી ઇન્કવાયરીના કામે રાખવાનો હુકમ કરવામાં આવે છે.'' આ રીતે હુકમ કરેલ અને આ માર્ક–૧૦/૧ ની એફ.આઇ.આર.માં, જે કોર્ટ સમક્ષ ઇન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫ કે જેના જુના ઇન્કવચારી ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ જે વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટના હતા તે ફરીયાદને એફ.આઇ.આર તરીકે ઉતાર્યાનું જણાય છે અને તે ફરીયાદ તા.૦૯/૦૬/૨૦૨૫ એ આપેલી તેવું ફરીયાદમાં તારીખ છે, આ હકીકત જોતાં પોલીસે, ક્રિમીનલ ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫માં જે તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૫(૩) મુજબ તપાસ કરવાનો અને રીપોર્ટ કરવાનો વિ.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલ તેના આધારે નોંધેલ છે અને કોર્ટમાં તા.૦૯/૦૬/૨૦૨૫ એ ફરીયાદ દાખલ થયેલ તે જણાય છે અને અત્રેની કોર્ટે આંક–૧૦ના આઇ.ઓ.ના રીપોર્ટ સાથે માર્ક–૧૦/૧ની એફ.આઇ.રજુ થયેલ અને આંક–૧૦નીચે અત્રેની કોર્ટે તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ હુકમ કરેલ છે તેમાં જણાવેલ છે કે,

> ''તપાસ કરનાર અધિકારી તથા પી.આઇ.શ્રી આર.કે.દેસાઈ હાજર તથા વિ.એપીપીસુશ્રી જી.વી.વ્યાસ હાજર હતા તથા મુળ ફરીયાદીના વિ.વ.શ્રી. યાદવ હાજર. તપાસ કરનાર અધિકારી તથા પી.આઇ.શ્રી આર.કે.દેસાઈ ઉપરોકત રીપોર્ટ રજુ કરે છે અને તેનું સોગંદનામુ આંક–૧૧ થી અને એફ.આઈ.આર. જે કોર્ટના હુકમ મુજબ નોંધ્યાનું જણાવીને માર્ક–૧૦/૧ થી રજુ કરે છે અને વિ.એપીપીસુશ્રીએ પોતાના મારફત રજુ કરેલ છે અને ફરીયાદીના વિ.વ.શ્રી એ આંક–૧૨ થી પોતે સ્પષ્ટતા કરેલ છે, તે રજુ કરે છે તે ધ્યાને લીધી અને તપાસ કરનાર અધિકારી તથા પી.આઈ.શ્રી આર.કે.દેસાઈ તથા વિ.એપીપીસુશ્રી જણાવે છે કે, એફ.આઈ.આર. આજે જે નોંધાયેલ છે તે ક્રિમી.ઈન્કવાયરી

નંબર : ૫૭૫/૨૦૨૫ ના કામે આંક–૧ નીચે તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ વિ.ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટે કરેલ તે મુજબ નોંધેલ છે અને નબીપુર પોલીસ સ્ટેશનના ગુ.ર.નંબર : ૧૧૧૯૯૦૩૮૨૫૦૬૦૪/૨૦૨૫ ના કામમાં જ એફ.આઈ.આર. આજે નોંધેલ છે અને અગાઉની એફ.આઈ.આર. આજ ગુનામાં જે નોંધેલ તે કોર્ટની ફરીયાદ અને હુકમ પછી નોંધાયેલ હોય અને તે જે એફ.આઈ.આર. છે તેને બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૦ નુ નિવેદન ગણવા વિનંતી કરે છે અને ઉપરોકત રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આઈ.પી.સી.ની કલમો અને પોકસો એકટની કલમોનો ગુનો બનતો હોવાનું અને તે મુજબ ઉમેરો પણ થઈ ગયાનુ જણાવે છે અને જે એફ.આઈ.આર.ને બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૦ મુજબનુ નિવેદન ગણી તેમાં થયેલી સંપુર્ણ તપાસને નામદાર ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલી ફરીયાદની તપાસના કામે સામેલ રાખવા વિનંતી કરે છે. રીપોર્ટ, રજુઆત ધ્યાને લીધી, ઈન્કવાયરી કેસ નંબર : ૫૭૫/૨૦૨૫ ના કામે હુકમ મુજબની એફ.આઈ.આર. આજે કલાક : ૧૭:૦૦ વાગે રજુ થયેલ છે જે સ્વીકારીને ઈન્કવાયરીના કામે રાખવાનો હુકમ થયેલ છે અને આ રીપોર્ટ પણ સાથે રજુ થયેલ અને તપાસ કરનાર અધિકારી અને પી.આઈ.શ્રી તા.૧૪/૦૯/૨૦૨૫ની એફ.આઈ.આર. ને બી.એન.એસ.એસ. ની કલમ : ૧૮૦ મુજબનું નિવેદન ગણવા માંગે છે અને હાલ તપાસ ચાલુ છે, જેથી તપાસ કરનાર અધિકારી અને પી.આઈ.શ્રી તપાસના કામે પોતે જે ગણવા માંગે તે ગણી

શકે છે અને આખર તપાસના અંતે તપાસના રીપોર્ટમાં કોર્ટને જણાવી પણ શકે છે અને ફરીયાદી પોતાને જે કહેવુ હોય તેનો તેને હકક છે અને તેને ટ્રાયલ વખતે કે આખરમાં તે જે કહેવા ઈચ્છે તે કહી શકે છે અને હાલ જે એફ.આઈ.આર. રજુ થઈ છે તે માર્ક–૧૦/૧ ઈન્કવાયરીના કામે રાખવુ,આંક–૧૦ નો ઉપરોકત રીપોર્ટ, આંક–૧૧ નું સોગંદનામુ, આંક–૧૨ ની ફરીયાદી તર્ફેની સ્પષ્ટતા ઈન્કવાયરીના કામે રાખવી અને જે ગુનાના કામનું તમામ જે રેકર્ડ છે તે હાલ આ ઈન્કવાયરીના કામે સાથે રાખવુ અને આરોપી કે જે ગુના નંબરના કામે કસ્ટડીમાં છે તેને આંક–૧૦ ના રીપોર્ટની તથા માર્ક–૧૦/૧ ના એફ.આઈ.આર.ની નકલ તુરંત જ જેલમાં મોકલવી અને તે કસ્ટડીમાં હોય તેમને ગુનાના કામે કાંઈ કહેવુ હોય તો કહી શકશે અને તપાસ કરનાર અધિકારીએ વધુ તપાસ માટે દિન–૨૦ ની મુદત માંગેલ હોય અને અલગ થી મુદત રીપોર્ટ રજુ કરેલ હોય, જેથી તપાસ કરનાર અધિકારીને તા.૨૯/૧૨/૨૦૨૫ ની તપાસનો રીપોર્ટ રજુ કરવા માટે આપવામાં આવે છે. આ હુકમની નકલ તપાસ કરનાર અધિકારી અને પી.આઈ. શ્રી આર.કે.દેસાઈ ને વિના મુલ્યે આપવી. ''

ઉપરોકત હુકમ ધ્યાને લેતા, તેમજ આઇ.ઓ. તરફથી તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ જે રીપોર્ટ રજુ કરેલ તેમાં આઇ.ઓ.એ વિગતવાર રીપોર્ટ કરીને જણાવેલ કે, હવે પછીથી ગુનો આઇ.પી.સી.ની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન),૩૭૬(૩), ૩૫૪(ડી)(૧)(ii) ના ભંગ બદલ કલમ–૩૫૪(ડી)(૨),૫૦૬(૧),૧૧૪ તથા પોકસો એકટની કલમ–૩(એ)ના ભંગ બદલ ૪(૨) તથા કલમ–૫(એલ)ના ભંગ બદલ ૬(૧) તથા કલમ–૧૧(૪)ના ભંગ બદલ ૧૨ મુજબ

ગણવા નામદાર કોર્ટશ્રીને વિદીત થાય, આ રીતે જણાવેલ છે અને આંક–૧૮ના રીપોર્ટમાં અત્રેની કોર્ટે તા.૧૨/૧૨/૨૦૨૫ના રોજ હુકમ કરેલ અને તે હુકમમાં જણાવેલ કે,

''આઈ/ઓ શ્રી આર.કે.દેસાઈ તથા વિ.એપીપીસુશ્રી જી.વી.વ્યાસને સાંભળ્યા અને ઉપરોકત રીપોર્ટ મુજબની રજુઆત કરે છે અને અગાઉ આંક–૧૦ નીચે તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ હુકમ થયેલ છે અને તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ કલમ ઉમેરાના રીપોર્ટો નીચે કલમ ઉમેરાનો હુકમ થયેલ છે તે રીતે જણાવે છે અને તે રીતે તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ કલમ ઉમેરાના રીપોર્ટ નીચે હુકમ થયેલ છે તેમ જણાવે છે અને આ કામે કોર્ટના હુકમ મુજબ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ગુના નંબરના કામે જ એફ.આઈ.આર. નોંધેલ હોય અને તેમાં ઈ.પી.કો. કલમ : ૩૫૪ અને ૧૧૪ આઈ.પી.સી. ની છે જ અને સાથે બી.એન.એસ.ની છે, પરંતુ બી.એન.એસ. બનતી નથી અને આઈ.પી.સી. બને છે, તે રીતે આઈ.પી.સી.૧૧૪, ૩૫૪ તથા ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૫૪(ડી)(૧)(ii) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨), ૫૦૬(૧), ૧૧૪ પોકસો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧), કલમ : ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબ આ કામે ગણવા વિનંતી કરે છે.

ઉપરોકત રજુઆત ધ્યાને લેતા અને આ કામે આઈ/ઓને તા.૦૩/૧૧/૨૦૨૫ ના કલમ ઉમેરાના રીપોર્ટો નીચે કરેલ હુકમ તથા તા.૦૪/૧૧/૨૦૨૫ ના કલમ ઉમેરાના રીપોર્ટ નીચે કરેલ હુકમ ધ્યાને લીધા અને તા.૦૩/૧૧/૨૦૨૫

<u>ના કલમ ઉમેરાના હુકમમાં જણાવેલ છે કે,</u> ''તપાસ કરનાર અધિકારીશ્રી તથા વિ.એપીપીસુશ્રીને સાંભળ્યા. રજુઆત કરે છે કે આ કામે એફ.આઈ.આર. બી.એન.એસ.ની કલમો તથા પોકસો એકટની કલમો નીચે નોંધાયેલ, પરંતુ બનાવનો સમયગાળો બી.એન.એસ. અમલમાં આવ્યા પહેલાનો છે જેથી ઉપરોકત અરજી ધ્યાને લઈ આ કામે ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) મુજબનો ગુનો બનતો હોય અને સાથે પોકસો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબનો ગુનો બનતો હોવાનું જણાવે છે અને અલગ રીપોર્ટ રજુ કરીને ઈ.પી.કો. કલમ : ૩૫૪(D)(૧)(૨) ના ભંગ બદલ ૩૫૪(D)(૨) નો ગુનો બનતો હોવાનું જણાવે છે અને તેનો ઉમેરો કરવા વિનંતી કરે છે અને બી.એન.એસ.ની કલમ : ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) ને ડીલીટ કરવા વિનંતી કરે છે અને પોકસો એકટની કલમ : ૪(૨), ૬(૧) અને ૧૨ રેકર્ડમાં છે જ, આ રજુઆત ધ્યાને લીધી. અત્રેનું રેકર્ડ, રજુઆત, રીપોર્ટ ધ્યાને લેતા આ કામે હાલ બી.એન.એસ.ની કલમ : ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ હોવાનું જણાય છે. આ કામે એફ.આઈ.આર., અત્રેનું રેકર્ડ, રીપોર્ટ, રજુઆત અને સાથે બનાવનો સમયગાળો ધ્યાને લેતા અને બનાવ ધ્યાને લેતા આ કામે ઈ.પી.કો. કલમ :

૩૫૪(D)(૧)(૨) ના ભંગ બદલ ૩૫૪(D)(૨) નો ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે જેથી તે ઈ.પી.કો. કલમ : ૩૫૪(D)(૧)(૨) ના ભંગ બદલ ૩૫૪(D)(૨)ઉમેરો કરવા પરવાનગી આપવામાં આવે છે, તેમજ આ કામે ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) નો ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે, જેથી તે ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩)કલમોનો ઉમેરો કરવા પરવાનગી આપવામાં આવે છે અને આ કામે પોકસો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબ રેકર્ડમાં છે જ, તપાસ કરનાર અધિકારીએ બી.એન.એસ.ની કલમો : ૧ ૩૭(૨),૮૭,૬૪(૨)(એમ),૬૫(૧) ની કલમો જો ન બનતી હોય તો તે આખર તપાસના રીપોર્ટમાં તે બાબતે જણાવી શકે છે. આ હુકમ તથા ઉપરોકત રીપોર્ટ તથા આઈ/ઓએ અલગથી ઈ.પી.કો. કલમ : ૩૫૪(D)(૧)(૨) ના ભંગ બદલ ૩૫૪(D)(૨) નો ઉમેરો કરવા જે રીપોર્ટ આપેલ છે, તે એફ.આઈ.આર. સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમની નકલ આઈ/ઓને વીના મુલ્યે આપવી.''

<u>ઉપરોકત રીતે જે હુકમ છે, તે ધ્યાને લીધો તેમજ તા.૦૩/૧૧/૨૦૨૫ નો આઈ/ઓનો ઈ.પી.કો. કલમ : ૩૫૪(ડી)(૨) ના ઉમેરાનો રીપોર્ટ છે, તે નીચે હુકમ કરેલ છે કે, ''આઈ/ઓ એ બી.એન.એસ.ની બદલે આઈ.પી.સી. નો ગુનો બને છે તે બાબતે રીપોર્ટ આપેલ તે રીપોર્ટ નીચે સાંભળીને આ રીપોર્ટની કલમ અંગે પણ હુકમ કરેલ છે. આ રીપોર્ટ</u>

એફ.આઈ.આર. સાથે રાખવો.'' આ રીતે હુકમ કરેલ છે ત્યારબાદ આઈ/ઓ તર્ફે તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ઈ.પી.કો. કલમ : ૫૦૬(૧) નો રીપોર્ટ કરવા રીપોર્ટ કરેલ, જે હુકમમાં જણાવેલ છે કે, ''વિ.એપીપીસુશ્રી તથા આઈ/ઓ પાણમીયાને સાંભળ્યા. વિ.એપીપીસુશ્રી જી.વી.વ્યાસ અને આઈ/ઓ પાણમીયા રજુઆત કરે છે કે, આ કામે આઈપીસી ની કલમ : ૫૦૬(૧) મુજબનો ગુનો બનતો હોય તે ઉમેરો કરવા વિનંતી કરે છે.

ઉપરોકત રજુઆત, રેકર્ડ, રીપોર્ટ ઘ્યાને લીધુ. આ કામે રેકર્ડ, રીપોર્ટ, રજુઆત ઘ્યાને લેતા આઈપીસીની કલમ : ૫૦૬(૧) મુબજનો ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે, જેથી તે ઉમેરો કરવા પરવાનગી આપવામાં આવે છે અને આ રીપોર્ટ એફ.આઈ.આર. સાથે રાખવો. આ હુકમની નકલ આઈ/ઓને વીના મુલ્યે આપવી.''

ઉપરોકત રીતે હુકમ કરેલ છે, ત્યારબાદ આઈ/ઓ તર્ફે આંક–૧૦ થી રીપોર્ટ રજુ થયેલ, જેમાં હુકમ કરવામાં આવેલ છે કે, ''તપાસ કરનાર અધિકારી તથા પી.આઈ.શ્રી આર.કે.દેસાઈ હાજર તથા વિ.એપીપીસુશ્રી જી.વી.વ્યાસ હાજર હતા તથા મુળ ફરીયાદીના વિ.વ.શ્રી. યાદવ હાજર. તપાસ કરનાર અધિકારી તથા પી.આઈ.શ્રી આર.કે.દેસાઈ ઉપરોકત રીપોર્ટ રજુ કરે છે અને તેનું સોગંદનામુ આંક–૧૧ થી અને એફ.આઈ.આર. જે કોર્ટના હુકમ મુજબ નોંઘ્યાનું જણાવીને માર્ક–૧૦/૧ થી રજુ કરે છે અને વિ.એપીપીસુશ્રીએ પોતાના મારફત રજુ કરેલ છે અને ફરીયાદીના વિ.વ.શ્રી એ આંક–૧૨ થી પોતે સ્પષ્ટતા કરેલ છે, તે રજુ કરે છે તે ઘ્યાને લીધી અને તપાસ કરનાર અધિકારી

તથા પી.આઈ.શ્રી આર.કે.દેસાઈ તથા વિ.એપીપીસુશ્રી જણાવે છે કે, એફ.આઈ.આર. આજે જે નોંધાયેલ છે તે ક્રિમી.ઈન્કવાયરી નંબર : ૫૭૫/૨૦૨૫ ના કામે આંક–૧ નીચે તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ વિ.ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટે કરેલ તે મુજબ નોંધેલ છે અને નબીપુર પોલીસ સ્ટેશનના ગુ.ર.નંબર : ૧૧૧૯૯૦૩૮૨૫૦૬૦૪/૨૦૨૫ ના કામમાં જ એફ.આઈ.આર. આજે નોંધેલ છે અને અગાઉની એફ.આઈ.આર. આજ ગુનામાં જે નોંધેલ તે કોર્ટની ફરીયાદ અને હુકમ પછી નોંધાયેલ હોય અને તે જે એફ.આઈ.આર. છે તેને બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૦ નુ નિવેદન ગણવા વિનંતી કરે છે અને ઉપરોકત રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આઈ.પી.સી.ની કલમો અને પોકસો એકટની કલમોનો ગુનો બનતો હોવાનું અને તે મુજબ ઉમેરો પણ થઈ ગયાનુ જણાવે છે અને જે એફ.આઈ.આર.ને બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૦ મુજબનુ નિવેદન ગણી તેમાં થયેલી સંપુર્ણ તપાસને નામદાર ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલી ફરીયાદની તપાસના કામે સામેલ રાખવા વિનંતી કરે છે. રીપોર્ટ, રજુઆત ધ્યાને લીધી, ઈન્કવાયરી કેસ નંબર : ૫૭૫/૨૦૨૫ ના કામે હુકમ મુજબની એફ.આઈ.આર. આજે કલાક : ૧૭:૦૦ વાગે રજુ થયેલ છે જે સ્વીકારીને ઈન્કવાયરીના કામે રાખવાનો હુકમ થયેલ છે અને આ રીપોર્ટ પણ સાથે રજુ થયેલ અને તપાસ કરનાર અધિકારી અને પી.આઈ.શ્રી તા.૧૪/૦૯/૨૦૨૫ ની એફ.આઈ.આર. ને બી.એન.એસ.એસ. ની કલમ : ૧૮૦ મુજબનું નિવેદન ગણવા

માંગે છે અને હાલ તપાસ ચાલુ છે, જેથી તપાસ કરનાર અધિકારી અને પી.આઈ.શ્રી તપાસના કામે પોતે જે ગણવા માંગે તે ગણી શકે છે અને આખર તપાસના અંતે તપાસના રીપોર્ટમાં કોર્ટને જણાવી પણ શકે છે અને ફરીયાદી પોતાને જે કહેવુ હોય તેનો તેને હકક છે અને તેને ટ્રાયલ વખતે કે આખરમાં તે જે કહેવા ઈચ્છે તે કહી શકે છે અને હાલ જે એફ.આઈ.આર. રજુ થઈ છે તે માર્ક–૧૦/૧ ઈન્કવાયરીના કામે રાખવુ,આંક–૧૦ નો ઉપરોકત રીપોર્ટ, આંક–૧૧ નું સોગંદનામુ, આંક–૧૨ ની ફરીયાદી તર્ફેની સ્પષ્ટતા ઈન્કવાયરીના કામે રાખવી અને જે ગુનાના કામનું તમામ જે રેકર્ડ છે તે હાલ આ ઈન્કવાયરીના કામે સાથે રાખવુ અને આરોપી કે જે ગુના નંબરના કામે કસ્ટડીમાં છે તેને આંક–૧૦ ના રીપોર્ટની તથા માર્ક–૧૦/૧ ના એફ.આઈ.આર.ની નકલ તુરંત જ જેલમાં મોકલવી અને તે કસ્ટડીમાં હોય તેમને ગુનાના કામે કાંઈ કહેવુ હોય તો કહી શકશે અને તપાસ કરનાર અધિકારીએ વધુ તપાસ માટે દિન–૨૦ ની મુદત માંગેલ હોય અને અલગ થી મુદત રીપોર્ટ રજુ કરેલ હોય, જેથી તપાસ કરનાર અધિકારીને તા.૨૯/૧૨/૨૦૨૫ ની તપાસનો રીપોર્ટ રજુ કરવા માટે આપવામાં આવે છે. આ હુકમની નકલ તપાસ કરનાર અધિકારી અને પી.આઈ. શ્રી આર.કે.દેસાઈ ને વિના મુલ્યે આપવી.''

ઉપરોકત હુકમ થયેલ અને આઈ/ઓ તર્ફે આજરોજ ઉપરોકત આંક–૧૮ થી રીપોર્ટ રજુ કરેલ છે અને તે રીતે ગણવા વિ.એપીપીસુશ્રી અને આઈ/ઓ વિનંતી કરે છે અને સાથે તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કોર્ટના હુકમ મુજબ

જે એફ.આઈ.આર. દાખલ કરેલ તેમાં ઈ.પી.કો. કલમ : ૧૧૪, ૩૫૪ છે જ, જેથી તે ઉપરાંત ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૫૪(ડી)(૧)(ii) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨), ૫૦૬(૧), ૧૧૪ પોક્સો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧), કલમ : ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબનો ગુનો ગણવા વિનંતી કરે છે. આ હકીકત, રજુઆત જોતા આ કામે પ્રથમ દર્શનીય રીતે ઈ.પી.કો. કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૫૪(ડી)(૧)(ii) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨), ૫૦૬(૧), ૧૧૪ પોક્સો એકટની કલમ : ૩(એ) ના ભંગ બદલ ૪(૨), ૫(એલ) ના ભંગ બદલ ૬(૧), કલમ : ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય રીતે બનતો હોય આ રીપોર્ટ કોર્ટના હુકમ મુજબ દાખલ થયેલી એફ.આઈ.આર. સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમની એક નકલ વીના મુલ્યે આઈ/ઓને આપવી.''

૮. ઉપરોકત હુકમ ધ્યાને લીધો અને તેમાં આઇ.ઓ.એ જે અગાઉ કલમ ઉમેરાના રીપોર્ટ આપેલ તે નીચે થયેલા હુકમો બાબતે પણ જણાવેલ છે. આ તમામ હકીકતો હુકમો ધ્યાને લીધા.

ફરીયાદીએ કોર્ટ સમક્ષ ક્રિમીનલ ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ થી જે ખાનગી ફરીયાદ કરેલ અને તેમાં બી.એન.એસ.એસ.કલમ-૧૭૫(૩)નીચે તપાસ અને રીપોર્ટનો હુકમ થયેલ અને જે ઇન્કવાયરી અત્રે મોકલવામાં આવેલ અને અત્રે ક્રિમીનલ ઇન્કવાયરી કેસ નં.૦૭/૨૦૨૫ પડેલ અને આઇ.ઓ.એ. આરોપી નં.૧ વિશાલ ચીમનલાલ પટેલ સામે ચાર્જશીટ કરેલ અને આરોપી નં.૨ વિપુલ કનુભાઇ પટેલ સામે સી સમરીનો ફાઇનલ રીપોર્ટ તા.૩૧/૧૨/૨૦૨૫ એ રજુ કરેલ અને જેમાં અત્રેની કોર્ટે તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ

આરોપી નં.૨ વિપુલ કનુભાઇ પટેલ પુરતી સી સમરી મંજુર કરેલ અને જે હુકમમાં જણાવેલ છે કે,

''મુળ ફરીયાદીના વિ.વ.શ્રી ડી.એ.યાદવ તથા વિ.એપીપીસુશ્રી ને સાંભળ્યા, ઉપરોકત સી સમરીનો ફાઈનલ રીપોર્ટ ધ્યાને લીધો, તપાસ કરનાર અધિકારીએ આરોપી વિપુલભાઈ કનુભાઈ પટેલ સામે સી સમરીનો ક્રિ.પ્રો.કોડની કલમ : ૧૭૩(૨) મુજબનો રીપોર્ટ રજુ કરેલ છે. તે સી સમરી રીપોર્ટ તથા સાથેના કાગળો ધ્યાને લીધા. વિ.એપીપીસુશ્રી આઈ/ઓના સી સમરી રીપોર્ટ આરોપી વિપુલભાઈ કનુભાઈનો મંજુર કરવા વિનંતી કરે છે. મુળ ફરીયાદીને સી સમરીના અનુસંધાને નોટીસ કરેલ જે નોટીસ આંક–૧૭ થી રજુ છે અને મુળ ફરીયાદી તર્ફે ડી.એ.યાદવને સાંભળ્યા. વિ.વ.શ્રી ડી.એ.યાદવે આંક–૭ થી ફરીયાદીનું સોગંદનામુ રજુ કરેલ છે તેમજ આંક–૧૪ થી વાંધા રજુ કરેલ, ત્યારબાદ વિ.વ.શ્રી ડી.એ.યાદવે આંક–૧૪ ના વાંધામાં શેરો કરેલ અને જણાવેલ કે, ''સદરહુ કામના આરોપી વિપુલભાઈ કનુભાઈ પટેલનો રોલ માત્ર નાસ્તો આપવા માટે આવેલ અને જતો રહેવાનો આવેલ છે, જેથી મુખ્ય આરોપી સાથેનો રોલ માત્ર નાસ્તો આપવા પુરતાનો હોવાથી સદર આરોપી વિરૂધ્ધ સી સમરી ભરેલ હોવાથી કોઈ ગુનો બનતો ન હોવાનું તપાસના કામે આવેલ હોવાથી સી સમરી મંજુર થવા સામે વાંધો નથી અને અલગથી પુરસીસ રજુ કરેલ છે, જે જાહેર થાય''. આ રીતે ફરીયાદીના વિ.વ.શ્રીએ આંક–૧૪ ના વાધાંમાં શેરો કરેલ છે અને આંક–૧૬ થી પુરસીસ પણ આપેલ છે અને તેમા પણ સી સમરી મંજુર કરવામાં આવે તો વાંધો નથી તે બાબતે જણાવે છે,

આ હકીકત ધ્યાને લીધી. આ કામે રેકર્ડ ધ્યાને લેતા ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૫૭૫/૨૦૨૫ થી બે આરોપી જેમાં નંબર : ૧ વિશાલ ચિમનભાઈ પટેલ અને નંબર : ૨ વિપુલ કનુભાઈ પટેલ સામે વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફરીયાદ દાખલ થયેલ ત્યારબાદ વિ.ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટના ઈન્કવાયરીના કામના હુકમના અનુસંધાને એફ.આઈ.આર. નોંધાયેલ અને તે ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૫૭૫/૨૦૨૫ પોકસો કોર્ટને મોકલવામાં આવેલ, જે અત્રેના ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૭/૨૦૨૫ પડેલ અને આરોપી નંબર : ૧ વિશાલ ચિમનભાઈ પટેલ સામે પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫ થી ચાર્જશીટ થયેલ છે અને આરોપી નંબર : ૨ વિપુલ કનુભાઈ પટેલ સામે ઉપરોકત સી સમરી રજુ થયેલ. સી સમરી નીચે તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ધ્યાને લીધો તેમજ પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫ કે જે આજે જ છે તેનુ રેકર્ડ પણ ધ્યાને લીધુ અને ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૭/૨૦૨૫ નું રેકર્ડ પણ પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫ સાથે છે, તે ધ્યાને લીધુ અને પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫ નીચેના તા.૨૬/૧૨/૨૦૨૫ ના બે હુકમો ધ્યાને લીધા અને સી સમરી નંબર : ૨/૨૦૨૫, પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫, ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૭/૨૦૨૫ નું રેકર્ડ ધ્યાને લીધુ અને સમરી રીપોર્ટ જોતા તેમાં તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ દાખલ ફરીયાદ ને બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૦ /સી.આર.પી.સી.ની

નકલ : ૧૬૧ નું નિવેદન ગણવા અંગે જે હકીકતો જણાવેલ છે તે ધ્યાને લીધી અને આરોપી નંબર : ૨ વિપુલ કનુભાઈ પટેલ પુરતી તપાસ કરનાર અધિકારીએ સી સમરી રજુ કરેલ હોય, તે અનુસંધાને વિપુલભાઈ કનુભાઈ પટેલનો રેકર્ડમાં રોલ ધ્યાને લીધો અને વિ.એપીપીસુશ્રી જી.વી.વ્યાસ વિપુલભાઈ કનુભાઈ પટેલની સી સમરી મંજુર કરવા વિનંતી કરે છે અને ફરીયાદીના વિ.વ.શ્રી ઉપરોકત રીતે આંક–૧૪ ના વાં ધામાં શેરો કરેલ હોય, તે શેરો જોતા અને આંક–૧૬ થી સી સમરી મંજુર કરવામાં આવે તો વાંધો નથી, તેવુ જણાવેલ હોય અને સુનવણીમાં વિ.વ.શ્રી ડી.એ.યાદવ ફરીયાદી તર્ફે આરોપી નંબર : ૨ વિપુલભાઈ કનુભાઈ પટેલ સામે સી સમરી મંજુર કરવા વાંધો નથી તેવુ જણાવતા હોય તે રજુઆત, રેકર્ડ જોતા આઈ/ઓએ જે વિપુલભાઈ કનુભાઈ પટેલનો રોલ બતાવીને સી સમરી માંગેલ છે અને મંજુર કરવાની માંગણી કરે છે અને વિ.એપીપીસુશ્રી પણ સી સમરી મંજુર કરવા જણાવે છે તે તેઓની રજુઆતમાં તથ્ય જણાય છે, જેથી રેકર્ડ, રજુઆત જોતા આરોપી નંબર : ૨ વિપુલભાઈ કનુભાઈ પટેલ પુરતી સી સમરી મંજુર કરવામાં આવે છે.

આ સી સમરીનું તમામ અસલ રેકર્ડ પોકસો કેસ નંબર : ૪૦/૨૦૨૫, ક્રિમીનલ ઈન્કવાયરી નંબર : ૭/ ૨૦૨૫ સાથે રાખવુ. આ હુકમની નકલ આઈ/ઓને મોકલવી.''

ઉપરોકત રીતે જે હુકમો થયેલ તે જોતાં અને રેકર્ડ જોતાં જણાય છે કે, પોલીસે ફરીયાદીની ફરીયાદ ન નોંધતા વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમીનલ ઈન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ થી દાખલ થયેલ અને તા.૨૧/૦૭/૨૦૨૫ એ બી.એન.એસ.એસની કલમ–૧૭૫(૩)

નો હુકમ થયેલ પરંતુ પોલીસે તે હુકમ મુજબ તુરત અમલ કરેલ નહીં અને પોલીસે તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ એફ.આઇ.આર. નોંધેલ પરંતુ તે કોર્ટના તા.૨૧/૦૭/૨૦૨૫ના હુકમ મુજબ નોંધેલ નહીં, ત્યારબાદ પોલીસ ધ્વારા કોર્ટના ક્રિમીનલ ઇન્કવાયરી નં.૫૭૫/૨૦૨૫ ના કામના તા.૨૧/૦૭/૨૦૨૫ના હુકમનું વિલંબથી પાલન કરીને કોર્ટના હુકમ વાળી ફરીયાદ કે જે કોર્ટમાં તા.૦૯/૦૬/૨૦૨૫ એ દાખલ થયેલ અને તે ફરીયાદ તા.૨૧/૦૭/૨૦૨૫એ બી.એન.એસ.એસની કલમ–૧૭૫(૩) મુજબ તપાસ માટે ગયેલ તેનું પાલન તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ એફ.આઇ.આર.માં તે ફરીયાદ ઉતારીને પોલીસે કરેલ અને ત્યારબાદ પોલીસ તરફથી તા.૧૪/૦૯/૨૦૨૫ની એફ.આઇ.આર.ને નિવેદન ગણવાનું જણાવેલ, આ તમામ કાર્યવાહીમાં પોલીસ તરફથી વિલંબ થયેલ છે તેમાં ફરીયાદી કે ભોગબનનારનો વાંક કહી શકાય નહીં, આ હકીકત ધ્યાને લેતા અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપી તરફેની જે દલીલ છે કે ચાર્જશીટ ડીફેકટીવ છે, ચાર્જફ્રેમ થાય નહીં તે દલીલ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફેની ટકવાપાત્ર જણાતી નથી.

૯. ઉપરોકત હકીકતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સામે જે રેકર્ડ છે તેમાં ગુનાની હકીકત જોવામાં આવે તેમજ ભોગબનનારનું બી.એન.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન તથા ભોગબનનારની ડોકટર સમક્ષની મેડીકલ હિસ્ટ્રી અને રજુઆતને સાથે ધ્યાને લેતા રેકર્ડ જોવામાં આવે તો,તા.૧૪/૦૯/૨૦૨૫ ના ત્રણ વર્ષ પહેલા બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે ભોગબનનાર ધોરણ ૧૦ માં સ્કુલમાં અભ્યાસ કરતી હતી ત્યારે ભોગબનનારે ઇન્સ્ટાગ્રામ આઇ.ડી. બનાવેલ અને ઇન્સ્ટાગ્રામ આઇ.ડી.નો ભોગબનનાર ઉપયોગ કરતી હતી અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ જાણતો હતો કે ભોગબનનાર ત્યારે સગીર ઉંમરની છે અને ૧૬ વર્ષ થી નીચેની ઉંમરની છે છતાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનારને લગ્ન કરવાના ઇરાદે, ભોગબનનાર સગીર હોવા છતાં ભોગબનનારના ઇસ્ટાગ્રામ આઇ.ડી. ઉપર ભોગબનનારને રીકવેસ્ટ મોકલેલ અને તે રીકવેસ્ટ ભોગબનનારને

આવેલ અને આઇ.ડી. ઉપર રહેલ ડી.પી.ના આધારે ફોટો જોતાં તે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ હોય તે ભોગબનનારને જણાયેલ અને ભોગબનનારે રીકવેસ્ટ એકસેપ્ટ કરેલ, ત્યારબાદ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સાથે સતત ઇસ્ટાગ્રામ ઉપર વાતચીત કરતો અને ભોગબનનારને લલચાવી ફોસલાવીને પ્રેમ સંબંધમાં પાડેલ અને ભોગબનનાર અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સતત તે રીતે ઇન્સ્ટાગ્રામ ઉપર વાતચીત કરતાં તે રીતે ઇલેકટ્રોનીક રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સાથે સતત સંપર્કમાં રહેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલે જાતીય ઇરાદાથી ભોગબનનારના સંપર્કમાં તે રીતે રહેલ અને ભોગબનનાર ધોરણ ૧૧ માં આવી ત્યારે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ પ્રથમ વખત ભોગબનનારને મળવા બાબતે ચેટમાં વાતચીત કરેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સગીર હોવા છતાં લલચાવી ફોસલાવીને મળવા માટે બોલાવેલ અને ભોગબનનાર તૈયાર થયેલ અને ઘરેથી સ્કુલે જવાનું કહીને નીકળેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ઇકો ગાડી જેનો રજીસ્ટ્રેશન નં. જી.જે.૧૬ સી.બી.૧૮૬૨ લઇને ભોગબનનારની સ્કુલ પાસે આવેલ અને ભોગબનનાર સગીર હોવા છતાં,આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારનો સંપર્ક કરેલ અને તે જાતીય ઇરાદાથી કરેલ અને તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ જાતીય સતામણી ભોગબનનારની કરેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને લલચાવી ફોસલાવીને બળાત્કાર કરવાના,પ્રવેશ જાતીય હુમલો કરવાના ઇરાદે ભોગબનનારને સ્કુલ પાસેથી આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ઇકો ગાડીમાં લઇ ગયેલ અને તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનારનું કે જે સગીર છે તે જાણવા છતાં ભોગબનનારના વાલીના કાયદેસર વાલીપણામાંથી અપહરણ કરેલ અને ભોગબનનારને મંગલેશ્વર ગામે આવેલ ખેતરમાં લઇ ગયેલ અને ભોગબનનારને ઇકો ગાડીમાં બેસાડીને રાખેલ અને તે દિવસે સાંજના આશરે સાડા ચારેક વાગ્યા સુધી ભોગબનનારને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ બેસાડી રાખેલ, વાતચીત કરેલ અને ત્યારબાદ

આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને સ્કુલ પાસે ઉતારીને જતો રહેલ અને ત્યારબાદ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને સ્કુલના ગેટ પાસેથી ઇકો ગાડીમાં બેસાડીને લઇ જતો તથા મઢી ખાતે બનાવવાળી જગ્યાએ લઇ જતો અને તે રીતે ભોગબનનારનું તેના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનાર સગીર હોવા છતાં તે રીતે અપહરણ કરતો અને ભોગબનનારના વાલીની સંમતી વગર આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારનું અપહરણ કરતો અને ભોગબનનાર સાથે બળાત્કાર કરવાના અને પ્રવેશ જાતીય હુમલો કરવાના ઈરાદે ભોગબનનાર સગીર હોવા છતાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ અપહરણ કરતો અને તા.૧૪/૦૯/૨૦૨૫ના આશરે આઠેક મહીના પહેલા આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સગીર હોવા છતાં ઇકો ગાડીમાં બેસાડીને મંગલેશ્વર નજીક ખેતરમાં લઇ ગયેલ અને ત્યારે પણ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનારનું તેના વાલીના કાયદેસર વાલીપણામાંથી ફરીથી લગ્ન કરવાના ઈરાદે અને બળાતકાર તથા પ્રવેશ જાતીય હુમલો કરવાના ઈરાદે અપહરણ કરેલ અને ત્યારે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદો ધરાવીને લગ્ન કરવાનું ભોગબનનારને કહેલ અને ભોગબનનાર સગીર હોવા છતાં અને ભોગબનનાર સંમતી આપવા સક્ષમ ન હોવા છતાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનાર ઉપર બળાત્કાર કરેલ અને પ્રવેશ જાતીય હુમલો કરેલ,ત્યારબાદ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને સ્કુલના ગેટ પાસે ઉતારીને જતો રહેલ અને ત્યારબાદ આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ અવાર–નવાર ભોગબનનારને લઇને ફરવા જતો અને બનાવવાળી જગ્યાએ મઢી ઘાટ નજીક મેદાનમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ગાડી ઉભી રાખતો અને ભોગબનનાર સાથે વાતચીત કરતો અને જાતીય ઈરાદાથી સતત સંપર્કમાં રહેતો અને ભોગબનનાર સાથે જાતીય સતામણી પણ કરતો અને ત્યારે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનાર સગીર હોવા છતાં અને સંમતી

આપવા સક્ષમ ન હોવા છતાં, ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગબનનારની ધોરણ-૧૨ ની પરીક્ષાનું કેન્દ્ર ભરૂચ ખાતે આવેલ અને ભોગબનનારે ત્યારે ઝાડેશ્વર ખાતે તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી પરીક્ષા આપેલ ત્યારે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને જાતીય ઈરાદાથી સતત રૂબરૂ મળતો અને સંપર્ક કરતો અને તે રીતે આરોપી જાતીય સતામણી કરતો અને ત્યારે આરોપી વિપુલ કનુભાઇ પટેલ, આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સાથે હતા અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તે પહેલા ઘણી વખત બનાવવાળી જગ્યાએ મઢી ચાને કબીરવડ નીકોરા મુકામે સવારના ૧૧.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી ભોગબનનારને લઇને જાતીય ઈરાદાથી ફરતો અને તે રીતે ભોગબનનારનો સતત સંપર્ક કરતો અને જાતીય સતામણી કરતો અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ઇકો ગાડીમાં આવતો જેમાં કાળી નેટ વાળી ગાડી હતી તેમાં આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનાર સાથે અવાર-નવાર બનાવવાળા સમયે શરીર સંબંધ બાંધેલ અને ભોગબનનાર ઉપર અવાર-નવાર બળાત્કાર કરેલ, પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને તા.૦૯/૦૬/૨૦૨૫ના આશરે આઠેક મહીના પહેલા આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનારને મંગલેશ્વર ગામે આવેલ ખેતરમાં લલચાવી પટાવી ફોસલાવીને લઇ ગયેલ અને ભોગબનનારના વાલીના કાયદેસર વાલીપણામાંથી ભોગબનનારને લઇ ગયેલ અને બળાત્કાર અને પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરવાના ઈરાદે લઇ ગયેલ અને ભોગબનનારને લગ્ન કરીશ તેમ કહી આરોપી વિશાલ ચીમનભાઇ પટેલે ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ, પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ પોતાના મોબાઇલ નં.૭૩૫૯૩૯૦૦૯૨થી ભોગબનનારના માતૃશ્રીના મોબાઇલ નંબર પર વાતચીત કરતા, તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સાથે જાતી ઈરાદાથી સતત ફોનમાં પણ

સંપર્કમાં રહેતા અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનાર સાથે વોટસએપથી ઈન્સ્ટાગ્રામથી તથા ચેટથી વાતચીત કરતાં તે રીતે ઇલેકટ્રોનીક રીતે પણ સતત આરોપી ભોગબનનારના સંપર્કમાં રહેતા અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનારને બનાવવાળી જગ્યા અને બનાવવાળા સમયે ધમકી આપેલ અને કહેલ કે તને મહીનાની અંદર ઘરમાંથી ખેંચીને લઇ જઇશ જેથી તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને સાથે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલએ ભોગબનનાર સાથે સતત સંપર્ક કરી, ભોગબનનાર સાથે છેડછાડ કરેલ અને આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ ભોગબનનારને મળવા માટે ભોગબનનારની સ્કુલ પાસે જતાં અને જાતીય ઈરાદાથી તે ભોગબનનારની સ્કુલ પાસે જઈ તે રીતે ભોગબનનારનો પીછો કરતા અને ભોગબનનારને લઈ પણ જતાં અને ભોગબનનારનો સતત સંપર્ક કરી,ભોગબનનાર પાસે લગ્ન કરવાની માંગણી કરતાં તે રીતે જાતીય ઈરાદાથી ડીમાન્ડ કરતા અને તે રીતે ભોગબનનારની જાતીય સતામણી પણ કરેલ તે રીતે આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ એ ઇ.પી.કો. કલમ–354(A)(1)(i)(ii) ના ભંગ બદલ 354(A)(2), 354(D)(1)(i) ના ભંગ બદલ 354(D)(2), 363,366,375(a)(c) ના ભંગ બદલ 376(1), 376(2)(j)(n),376(3),506(1), તથા પોકસો એકટની કલમ– 3(a)(c)ના ભંગ બદલ 4(2) તથા 5(l) ના ભંગ બદલ 6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 મુજબનો આરોપી વિશાલ ચીમનભાઇ પટેલે ગુનો કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ પ્રપોઝ ચાર્જ આપ્યા બાદ આરોપી વિપુલ કનુભાઈ પટેલ પુરતી સી સમરી મંજુર થયેલ છે તે સાથે ધ્યાને લેતા અને કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ સામે ઇ.પી.કો. કલમ–354(A)(1)(i)(ii) ના ભંગ બદલ 354(A)(2), 354(D)(1)(i) ના ભંગ બદલ 354(D)(2), 363,366,375(a)(c) ના ભંગ બદલ 376(1), 376(2)(j)(n),376(3),506(1), તથા પોકસો એકટની કલમ– 3(a)(c)ના ભંગ બદલ 4(2) તથા

5(I) ના ભંગ બદલ 6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 મુજબ નું તહોમતનામું ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે તે રીતે ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવે છે .

**૧૦.** આરોપી વિશાલ ચીમનભાઇ પટેલના વિ.વકીલશ્રીએ બધી કલમોમાં ડીસ્ચાર્જ કરવાની સુનાવણીમાં જે દલીલ કરેલ તે દલીલ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા ટકવાપાત્ર જણાતી નથી જેથી આરોપી વિશાલ ચીમનભાઇ પટેલ તરફેની તે રીતે બધી કલમોમાં ડીસ્ચાર્જ કરવાની સુનાવણીમાંની માંગણી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૧ ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૨૧/૦૨/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)